

# 1942: અ લવ સ્ટોરી
# ઓન-સ્ક્રીન રોમાન્સ પણ ઓફ-સ્ક્રીન બબાલ




જો તમે સિનેમા લવર છો, તો વિધુ વિનોદ ચોપરાની ‘૧૯૪૨: અ લવ સ્ટોરી’ વિશે ચોક્કસ સાંભળ્યું જ હશે. ૧૯૯૪માં આવેલી આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ભલે એવરેજ રહી હોય, પણ આજે એ એક ‘કલ્ટ ક્લાસિક’ ગણાય છે. દેશભક્તિ, રોમાંસ અને એક્શનનો એવો મસ્ત કોમ્બો હતો કે યુવાનો ગાંડા થઈ ગયા હતા! પણ બોસ, આ ફિલ્મ ઓન-સ્ક્રીન જેટલી સ્મૂથ દેખાતી હતી, ઓફ-સ્ક્રીન એનું શૂટિંગ અને કાસ્ટિંગ એટલું જ ડ્રામેટિક અને ક્રેઝી હતું! ચાલો જાણીએ એના કેટલાક ‘માઈન્ડ-બ્લોઈંગ’ ફેક્ટ્સ જે કદાચ તમે ક્યાંય નહીં સાંભળ્યા હોય.



તમે વિચારી શકો છો કે નરેનના રોલમાં અનિલ કપૂર સિવાય બીજું કોઈ હોય? પણ રિયાલિટી એ છે કે ડિરેક્ટર વિધુ વિનોદ ચોપરાની ફર્સ્ટ ચોઈસ આમિર ખાન હતો! પણ આમિરને સ્ક્રિપ્ટમાં મજા ના આવી એટલે એણે સીધી ના પાડી દીધી. પછી ઓફર અનિલ કપૂરને ગઈ. અનિલભાઈ પણ કન્ફ્યુઝ હતા, એમણે તો કહી દીધું કે “આ રોલ માટે બોબી દેઓલ કે મારા ભાઈ સંજય કપૂરને લો.” પણ ગેમ ક્યારે ચેન્જ થઈ? જ્યારે અનિલ કપૂરે ‘એક લડકી કો દેખા તો એસા લગા’ ટ્રેક સાંભળ્યો! ભાઈનો મૂડ જ બદલાઈ ગયો અને રોલ માટે વાળ અને મૂછો પણ ટ્રિમ કરાવી લીધી.

ફિલ્મમાં રજ્જોના રોલ માટે પહેલા માધુરી દીક્ષિતની પસંદગી કરવામાં આવી હતી, પણ ડેટ્સ ન હોવાથી વાત ન બની. ત્યારે 21 વર્ષની મનીષા કોઈરાલા સ્ક્રીન ટેસ્ટ આપવા પહોંચી. મનીષાએ ટેસ્ટ આપ્યો પણ તે એટલો ખરાબ હતો કે ડાયરેક્ટર વિધુ વિનોદ ચોપરા ગુસ્સે થઈ ગયા. તેમણે મનીષાના મોઢા પર જ કહી દીધું, મનીષા, તું બહુ જ ભયંકર એક્ટ્રેસ છે! તારાથી આ રોલ નહીં થાય.

મનીષા આ સાંભળીને રડી પડી, પણ હાર ન માની. મનીષાએ ચોપરા પાસે 24 કલાકનો સમય માગ્યો અને પડકાર ફેંક્યો, કાલે ફરી ટેસ્ટ લો, જો પાસ ન થાઉં તો મારું નામ બદલી નાખજો. મનીષા આખી રાત અરીસા સામે ડાયલોગ્સ બોલતી રહી. બીજા દિવસે તે સફેદ સાડી પહેરીને આવી અને એવો જોરદાર સ્ક્રીન ટેસ્ટ આપ્યો કે ચોપરા દંગ રહી ગયા. તેમણે તરત જ કહ્યું, જો મનીષા ગઈકાલે તું ઝીરો હતી, તો આજે તું 100 ટકા પરફેક્ટ છે!

મનીષાના પિતાના રોલ માટે ચોપરાને નાના પાટેકર જોઈતા હતા, પણ નાના પાટેકરને એ રોલમાં કોઈ દમ ના લાગ્યો. એમને તો જેકી શ્રોફવાળો ‘શુભાંકર’નો રોલ જોઈતો હતો! જ્યારે ચોપરાએ ના પાડી તો બંને વચ્ચે એવી જબરદસ્ત બબાલ થઈ કે નાના પાટેકરે કહી દીધું, “જો મારા વિશે આડુંઅવળું બોલ્યો છે તો આવીને ધોઈ નાખીશ!” ફાઈનલી એ રોલ અનુપમ ખેરને મળ્યો અને પેલો ‘શુભાંકર’નો રોલ જેકી શ્રોફને તો કરવો જ નહોતો. એમણે મિથુનદાનું નામ આપેલું, પણ ડિસ્ટ્રિબ્યુટર્સનું એટલું પ્રેશર હતું કે એમણે આ રોલ કરવો પડ્યો.

આખી ફિલ્મમાં અનિલ કપૂર અને જેકી શ્રોફ વચ્ચે એક પણ ડાયલોગ નહોતો, છતાં જેકી ફિલ્મફેરનો બેસ્ટ સપોર્ટિંગ એક્ટરનો એવોર્ડ લઈ ગયા!

આ ફિલ્મના શૂટિંગ દરમિયાન બજેટ એટલું વધી ગયું હતું કે પ્રોડક્શન હાઉસ પાસે પૈસા ખૂટી પડ્યા હતા. ડેલહાઉસી (હિમાચલ પ્રદેશ)માં એક ભવ્ય આખો સેટ ઊભો કરવામાં આવ્યો હતો. પૈસાની તંગીને કારણે ડાયરેક્ટરે સેટના કેટલાક ભાગો તોડી નાખવાનો નિર્ણય કર્યો.

આ વાત જ્યારે જેકી શ્રોફને ખબર પડી, ત્યારે તેઓ આગળ આવ્યા. વિધુ વિનોદ ચોપરાને કહ્યું, સેટ તોડવાની કોઈ જરૂર નથી, આ સેટ પર જ મારો એન્ટ્રી સીન છે. તેણે પોતાના ખિસ્સામાંથી પૈસા કાઢીને એ સેટનું કામ પૂરું કરાવ્યું હતું. એટલું જ નહીં, પંચમ દાને પેમેન્ટ કરવા માટે પણ જેકી શ્રોફે આર્થિક મદદ કરી હતી.

આ ફિલ્મનું સુપરહિટ ગીત ‘પ્યાર હુઆ ચુપકે સે’ લતા મંગેશકરે ગાયું છે. આ ગીતનું રેકોર્ડિંગ ચાલી રહ્યું હતું ત્યારે લતાજી થોડા અસ્વસ્થ હતા અને ગીતના હાઈ નોટ્સ પકડવામાં તકલીફ પડતી હતી. જાવેદ અખ્તરે માહોલ હળવો કરવા માટે લતાજી સાથે રસોઈની વાતો શરૂ કરી દીધી. લતાજી ગાયન સિવાય ખાવાના પણ બહુ શોખીન હતા. કલાકો સુધી મસાલા અને વાનગીઓની વાતો થયા પછી લતાજી મૂડમાં આવ્યા અને

**સિલ્વર સ્ક્રીન પર જ્યારે આ ફિલ્મ આવી, ત્યારે તેના ગીતો, ભવ્ય લોકેશન્સ અને નરેન (અનિલ કપૂર) તથા રજ્જો (મનીષા કોઈરાલા) ની માસૂમ કેમિસ્ટ્રી જોઈને આખું દેશ ઘેલું થઈ ગયું હતું**

તેમણે સિંગલ ટેકમાં એવું અદભુત ગીત ગાયું જે આજે પણ સાંભળીએ તો રૂંવાડા ઊભા થઈ જાય. આ ફિલ્મનું સંગીત સદાબહાર છે, પણ તેની પાછળ એક મોટો કિસ્સો છે. એ સમયે પંચમ દાનો ખરાબ દોર ચાલતો હતો અને કોઈ મ્યુઝિક કંપની તેમને કામ આપવા તૈયાર નહોતી. વિધુ વિનોદ ચોપરા પંચમ દાના મોટા ફેન હતા એટલે તેઓ તેમની પાસે ગયા. પંચમ દાએ શરૂઆતમાં જે ધૂન સંભળાવી તે તદ્દન મોર્ડન અને વેસ્ટર્ન હતી. ચોપરાને એ જરાય ન ગમી.

**મુવિયાના**

ચોપરાએ ગુસ્સામાં દીવાલ પર લટકતી પંચમ દાના પિતા એસ. ડી. બર્મનની તસવીર તરફ આંગળી ચીંધીને કહ્યું, હું આ મહાન સંગીતકારના દીકરા પાસે આવ્યો છું, પણ તમે મને આ શું કચરો સંભળાવી રહ્યા છો? પંચમ દાને આ વાત દિલ પર લાગી ગઈ. તેમણે ચોપરાને એક અઠવાડિયા પછી આવવા કહ્યું. સાત દિવસ પછી જ્યારે ચોપરા પાછા આવ્યા, ત્યારે પંચમ દાએ હાર્મોનિયમ પર ‘કુછ ના કહો’ અને ‘એક લડકી કો દેખા તો એસા લગા’ની ધૂન વગાડી.

જ્યારે કુમાર સાનુએ આ ગીત રેકોર્ડ કર્યું, ત્યારે પંચમદા એટલા ખુશ થઈ ગયા કે સાનુને ગળે લગાવી, માથું ચૂમીને બે-ચાર ગાળો ચોપડાવી દીધી! (એમનો ખુશી વ્યક્ત કરવાનો આ જ ક્રેઝી અંદાજ હતો). સેડ પાર્ટ એ છે કે ફિલ્મ રીલિઝ થવાના ૩ અઠવાડિયા પહેલા જ પંચમદાનું નિધન થઈ ગયું. ‘કુછ ના કહો’ ગીતનું રેકોર્ડિંગ પણ પૂરું નહોતું થયું, જે પછી ચોપરાએ જાતે પૂરું કરાવ્યું.

તમને વિધુ વિનોદ ચોપરાનો ‘સ્વેગ’ ખબર છે? મુંબઈના મેટ્રો સિનેમામાં આ ફિલ્મનો પ્રીમિયર હતો રાત્રે 9:30 વાગ્યે. 9:35 થઈ એટલે ચોપરા સાહેબે જાતે જઈને થિયેટરના બધા દરવાજા લોક કરી દીધા! એમનો રૂલ ક્લિયર હતો: “મારી ૪ વર્ષની મહેનત જોવા જો તમે ટાઈમસર ના આવી શકતા હોવ, તો ગેટ આઉટ!” બોલિવૂડના મોટા-મોટા સ્ટાર્સ તે દિવસે થિયેટરની બહાર જ રહી ગયા હતા. ‘1942: અ લવ સ્ટોરી’ ભારતની પ્રથમ એવી ફિલ્મ હતી જે ‘ડોલ્બી સ્ટીરિયો’ સાઉન્ડ સાથે રીલિઝ થઈ હતી. વિધુ વિનોદ ચોપરા પંચમ દાના મ્યુઝિક સાથે કોઈ સમજૂતી કરવા નહોતા માગતા, તેથી સ્પેશિયલ સાઉન્ડ મિક્સિંગ માટે લંડન ગયા હતા.

મુંબઈના મેટ્રો સિનેમામાં જ્યારે પ્રીમિયર યોજાયું, ત્યારે થિયેટરની ચારેય બાજુથી આવતો સાઉન્ડ સાંભળીને લોકો સીટો પરથી ઊભા થઈને તાળીઓ પાડવા લાગ્યા હતા.આજે પણ જ્યારે કોઈ ક્લાસિક બોલિવૂડ રોમાન્સની વાત થાય, ત્યારે ‘૧૯૪૨: અ લવ સ્ટોરી’નું નામ ટોપ પર આવે છે.

સંજય લીલા ભણસાલીનું રાઈટિંગ, પંચમદાનું લાજવાબ મ્યુઝિક અને એક્ટર્સના પર્ફેક્ટ પર્ફોર્મન્સે આ ફિલ્મને ઓલ-ટાઈમ ફેવરિટ બનાવી દીધી છે. ●

# શત્રુઘ્ન સિન્હા : ચહેરાના કટના કારણે ડાયરેક્ટર્સ રિજેક્ટ કરતા!

સિનેમા સ્ક્રીન પર જ્યારે કોઈ કલાકાર પોતાની હેવી વોઈસ અને કિલર સ્વૅગ સાથે એન્ટ્રી મારે અને આખું થિયેટર ક્રેઝી થઈ જાય, ત્યારે સમજવું કે એન્ટ્રી થઈ છે ‘શૉટગન’ એટલે કે શત્રુઘ્ન સિન્હાની! 15 જુલાઈ 1946ના રોજ બિહારની રાજધાની પટનામાં જન્મેલા શત્રુઘ્ન સિન્હા બોલિવૂડના એવા આઈકોનિક અને દમદાર સ્ટાર છે જેમણે પોતાના યુનિક ડાયલોગ્સ અને પાવરફુલ એક્ટિંગના દમ પર હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં વર્ષો સુધી રાજ કર્યું છે. બોલિવૂડના ઈતિહાસમાં હીરો તો ઘણા આવ્યા અને ગયા, પણ પડદા પર એક ખતરનાક વિલન બનીને પણ ફેન્સના દિલ જીતનારા કલાકારો બહુ ઓછા છે અને શત્રુઘ્નજી આ લિસ્ટમાં હંમેશા ટોપ પર રહ્યા છે. આજે આપણે તેમની લાઈફના કેટલાક મસ્ત, રસપ્રદ અને અનટોલ્ડ કિસ્સાઓ વિશે વિગતવાર વાત કરીશું.

**લેજન્ડ**

દરેક આઉટસાઈડરની જેમ શત્રુઘ્ન પણ આંખોમાં હીરો બનવાના મોટા સપના લઈને માયાનગરી મુંબઈ આવ્યા હતા, પણ બોલિવૂડમાં તેમની શરૂઆતની સફર અને સ્ટ્રગલ ફેઝ જરાય સહેલા નહોતા. ગોડફાધર વગર ઈન્ડસ્ટ્રીમાં પગ જમાવવો મુશ્કેલ હતો. લાંબા સંઘર્ષ પછી તેમને એક ફિલ્મ મળી, જેનું નામ હતું ‘પ્યાર હી પ્યાર’. આ શત્રુઘ્નની ડેબ્યૂ ફિલ્મ હતી.

આ ફિલ્મમાં તેમણે એક વિલનનો રોલ પ્લે કર્યો હતો, જેમાં તેમણે પોતાનું બેસ્ટ પર્ફોર્મન્સ આપ્યું, પણ આઘાતની વાત એ છે કે ફિલ્મ રિલીઝ થઈ ત્યારે ક્રેડિટ્સમાં તેમનું નામ પણ ક્યાંય આવ્યું નહોતું. પરંતુ, આ શરૂઆતી રિજેક્શન અને અન્યાયથી તેઓ જરાય હિંમત ન હાર્યા. તેમણે પોતાની મહેનત ચાલુ રાખી.

જો તમે શત્રુઘ્નને સ્ક્રીન પર જોયા હશે, તો નોટિસ કર્યું હશે કે તેમના ગાલ પર એક કટ છે. આજે આ સ્કાર ભલે તેમની ઓળખ અથવા સિગ્નેચર લુક જેવો લાગે, પણ કરિયરની શરૂઆતમાં આ કટ તેમના માટે બહુ મોટી મુસીબત બની ગયો હતો. ડાયરેક્ટર્સ આ કટ જોઈને તેમને હીરો તરીકે કાસ્ટ કરવાની ચોખ્ખી ના પાડી દેતા હતા, કારણ કે 1970ના એ જમાનામાં ઈન્ડસ્ટ્રીમાં માત્ર ચોકલેટી અને ક્લીન લુકવાળા હીરોનો જ ટ્રેન્ડ હતો. રાજેન્દ્ર કુમાર અને રાજેશ ખન્ના જેવા સ્ટાર્સનો દબદબો હતો.



સતત મળતા રિજેક્શનથી કંટાળીને શત્રુઘ્નજી ડિપ્રેશન જેવી સ્થિતિમાં આવી ગયા હતા અને તેમણે આ કટને હટાવવા માટે પ્લાસ્ટિક સર્જરી કરાવવાનું પણ પાકું વિચારી લીધું હતું, પણ કહેવાય છે ને કે કિસ્મતને કંઈક બીજું જ મંજૂર હતું. બરાબર એ જ સમયે તેમની મુલાકાત એવરગ્રીન સુપરસ્ટાર દેવ આનંદ સાથે થઈ. દેવ સાહેબે જ્યારે સર્જરીની વાત સાંભળી ત્યારે તેમણે શત્રુઘ્નજીને એક લાઈફ-ચેન્જિંગ સલાહ આપી. દેવ સાહેબે રોક ટોક સાથે કહ્યું, આ કટને તારી નબળાઈ નહીં, પણ તારી USP બનાવ. આ જ નિશાન તને ફિલ્મ ઈન્ડસ્ટ્રીની ભીડથી અલગ લુક અને એક અલગ ઓળખ આપશે.

શત્રુઘ્નજીને દેવ સાહેબની આ પ્રેક્ટિકલ વાત મગજમાં ક્લિક થઈ ગઈ અને તેમણે પ્લાસ્ટિક સર્જરીનો આખો પ્લાન કેન્સલ કરી દીધો. પછી તો સમય જતાં આ રફ લુક જ તેમનો સૌથી મોટો ટ્રેડમાર્ક બની ગયો અને ડાયરેક્ટર્સ આ લુકના દીવાના થઈ ગયા.

ધીમે-ધીમે શત્રુઘ્નનો જાદુ બોક્સ ઓફિસ પર ચાલવા લાગ્યો. ડાયલોગ બોલવાની તેમની અનોખી સ્પીડ, પહાડી અવાજ, રફ એન્ડ ટફ અંદાજ અને કિલર એટિટ્યુડના કારણે ફેન્સ અને મીડિયાએ તેમને ‘શૉટગન’ નામ આપ્યું. આ નામ તેમની પર્સનાલિટી પર એકદમ ફિટ બેસતું હતું. જેમ ડબલ બેરલ બંદૂકમાંથી નીકળેલી ગોળી સીધી ટાર્ગેટ પર જઈને વાગે, તેમ શત્રુઘ્નજીના મોઢેથી નીકળેલા ધારદાર ડાયલોગ સીધા દર્શકોના મગજમાં ફિટ થઈ જાય.

તેમનો એ ફેમસ વન-વર્ડ ડાયલોગ ખામોશ! આજે પચાસ વર્ષ પછી પણ એટલો જ પોપ્યુલર છે. આજની જનરેશનમાં પણ આ ડાયલોગ મીમ્સ, રીલ્સ અને કોમેડી શોઝમાં સુપર હિટ છે. તે જમાનામાં જ્યારે પણ તેઓ સ્ક્રીન પર પોતાની આંખો મોટી કરીને પાવરફુલ ટોનમાં ખામોશ બોલતા, ત્યારે આખું થિયેટર તાળીઓ અને સીટીઓથી ગુંજી ઉઠતું હતું. તેઓ બોલિવૂડના એવા વિલન સાબિત થયા જેમના સીન પર ઓડિયન્સ મેઈન હીરો કરતાં પણ વધુ ચીયર્સ કરતી અને રાડો પાડતી હતી.

શત્રુઘ્ન એક્ટિંગમાં જેટલા પાવરફુલ હતા, શૂટિંગ સેટ પર હંમેશા લેટ આવવા માટે એટલા જ બદનામ પણ છે. લેટ આવવાની તેમની આ આદતના કારણે શૂટિંગ સેટ પર ઘણીવાર બહુ ફની અને ક્રેઝી સિચ્યુએશન ક્રિએટ થતી હતી. આવો જ એક મજેદાર કિસ્સો તે સમયના સુપર

**બોલિવૂડના ઈતિહાસમાં હીરો તો ઘણા આવ્યા અને ગયા, પણ પડદા પર એક ખતરનાક વિલન બનીને પણ ફેન્સના દિલ જીતનારા કલાકારો બહુ ઓછા છે અને શત્રુઘ્નજી આ લિસ્ટમાં હંમેશા ટોપ પર રહ્યા છે**

હેન્ડસમ હંક અને રોમેન્ટિક એક્ટર શશિ કપૂર સાથે જોડાયેલો છે. ઓફ-સ્ક્રીન શશિ કપૂર અને શત્રુઘ્ન બહુ પાકા અને લંગોટિયા મિત્રો.

એક ફિલ્મના શૂટિંગ દરમિયાન શત્રુઘ્ન હંમેશાની જેમ સેટ પર કલાક લેટ પડ્યા. બીજી તરફ શશિ કપૂર ટાઈમ મેનેજમેન્ટ અને પંક્ચ્યુઆલિટીના બહુ પાકા હતા, એટલે તેઓ સવારથી સેટ પર આવીને બેઠા હતા. શત્રુઘ્નને લેટ આવતા જોઈ શશિ કપૂરે ગુસ્સાના નાટકમાં શત્રુઘ્નજીની ફની સ્ટાઈલમાં ક્લાસ લેવાનું વિચાર્યું. શશિ કપૂરે ગુસ્સામાં પોતાના પેન્ટનો બેલ્ટ હાથમાં કાઢ્યો અને આખા સેટ પર શત્રુઘ્ની પાછળ મારવા માટે દોડ્યા!

આ ક્રેઝી નજારો જોઈને ત્યાં હાજર ડિરેક્ટર, સ્ટાફ અને આખો સેટ હસી-હસીને લોટપોટ થઈ ગયો. શત્રુઘ્ન પણ આગળ આગળ ભાગતા હતા અને ભાગતા-ભાગતા જ પોતાના સેલ્ફ-ડિફેન્સમાં અનોખો ડાયલોગ માર્યો, અરે શશિ, આ મેકર્સ મને ફિલ્મોમાં સાઈન જ એટલા માટે કરે છે કારણ કે હું ટાઈમ સર આવું છું! આ સાંભળી શશિ કપૂર હસતા-હસતા ઊભા રહી ગયા અને બોલ્યા, આને જુઓ! આટલો લેટ આવીને પણ આવી ઊંધી વાતો કરતા આને જરાય શરમ નથી આવતી!

શત્રુઘ્નએ પોતાના લાંબા કરિયરમાં ‘કાલીચરણ’, ‘દોસ્તાના’, ‘વિશ્વનાથ’, ‘શાન’ અને ‘કાલા પથ્થર’ જેવી બ્લોકબસ્ટર અને સિલ્વર જુબિલી ફિલ્મો આપી છે. પોતાની એક્ટિંગના જોરે તેમણે અમિતાભ બચ્ચન જેવા સુપરસ્ટારને પણ સેટ પર જોરદાર ટક્કર આપી હતી. ●

# ‘બરસો રે મેઘા’નો અસલી ડિરેક્ટર... વરસાદ!

બોલિવૂડની વર્ષ 2007માં આવેલી ફિલ્મ ‘ગુરુ’નું ‘બરસો રે મેઘા’ આજે પણ ભારતીય ફિલ્મસસોંગના સૌથી યાદગાર વરસાદી સોંગોમાં સ્થાન ધરાવે છે. ચોમાસાની પહેલી ઝરમર શરૂ થાય અને મનમાં આ સોંગ ગુંજતું ન હોય એવું ભાગ્યે જ બને. હરિયાળી વચ્ચે વરસાદમાં નિખાલસ આનંદથી નાચતી ઐશ્વર્યા રાય, એ.આર. રહેમાનનું મેજીક સોંગ અને મણિરત્નમનું વ્યૂઝવલ વિઝન - આ ત્રણેયે મળીને એવું ક્રિયેટ કર્યું કે દર્શક પણ જાણે વરસાદમાં ભીંજાઈ જાય. પરંતુ પડદા પર દેખાતી આ સહજતા પાછળ મહિનાઓનું આયોજન, અસંખ્ય ટેક અને સમગ્ર યુનિટની અદભૂત મહેનત છુપાયેલી હતી.

ડિરેક્ટર મણિરત્નમ શરૂઆતથી જ ઈચ્છતા હતા કે સોંગમાં માત્ર વરસાદ દેખાય નહીં, પરંતુ દર્શક વરસાદનો અહેસાસ પણ અનુભવે. તેથી સ્ટુડિયોના કૃત્રિમ સેટને બદલે દક્ષિણ ભારતના હરિયાળા જંગલો અને કુદરતી લોકેશનો પસંદ કરવામાં આવ્યા. ઘણી વખત આખી યુનિટ કલાકો સુધી સાચા વરસાદની રાહ જોતી રહેતી. જ્યારે કુદરત સાથ ન આપતી, ત્યારે વિશાળ રેઈન મશીનો દ્વારા હજારો લિટર પાણી વરસાવવામાં આવતું. કેમેરા, લાઈટ્સ અને ઈલેક્ટ્રિકલ સાધનોને પાણીથી સુરક્ષિત રાખવું ટેક્નિશિયનો માટે દરરોજનો પડકાર બની ગયો હતો.

આ સોંગનો સૌથી મોટો ભાર ઐશ્વર્યા રાયના ખભા પર હતો. પડદા પર તેઓ વરસાદમાં દોડે છે, કાદવમાં નાચે છે અને દરેક ફ્રેમમાં નિર્દોષ સ્મિત જાળવી રાખે છે. પરંતુ વાસ્તવમાં સતત ભીના કપડાં, ભારે આભૂષણો અને લપસણી જમીન વચ્ચે કલાકો સુધી ડાન્સ કરવો અત્યંત કઠિન હતો. અનેક વખત ઐશ્વર્યાનું સંતુલન બગડતું, પગ લપસી જતો અને શૂટિંગ અટકાવવું પડતું. છતાં દરેક ટેક પછી તેઓ ફરી સ્મિત સાથે તૈયાર થઈ જતાં. તેમની આ રમતિયાળતા આખી યુનિટ માટે નવી ઊર્જાનું કારણ બનતી.

કોરિયોગ્રાફી પણ એટલી જ પડકારજનક હતી. વરસાદમાં તાલ જાળવવો, કાદવમાં સંતુલન રાખવું અને સાથે કેમેરાની ચોક્કસ માર્કિંગ સુધી પહોંચવું સહેલું નહોતું. એક પ્રસંગે કેમેરો ચાલુ થતાં ઐશ્વર્યા પાત્રમાં એટલી ડૂબી ગઈ કે મણિરત્નમે ‘કટ’ બોલ્યા પછી પણ થોડો સમય દોડતી રહી. આખી યુનિટ તાળીઓના ગડગડાટ સાથે તેમની પ્રશંસા કરવા લાગી અને ત્યારે તેમને સમજાયું કે શોટ પૂર્ણ થઈ ગયો છે. આ ઘટના આજે પણ યુનિટના સભ્યો હસતાં-હસતાં યાદ કરે છે.

**પરદે કે પીછે**

સોંગના રંગીન વસ્ત્રો પાછળ પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. વરસાદમાં કયા રંગો વધુ ચમકશે અને હરિયાળી વચ્ચે સૌથી આકર્ષક લાગશે તે માટે કોસ્ટ્યૂમ ટીમે અનેક ટ્રાયલ કર્યા, અંતે પસંદ કરાયેલા લાલ, કેસરી અને અન્ય તેજસ્વી રંગોએ સોંગને અનોખી દૃશ્યાત્મક ઓળખ આપી.

મ્યુઝિક ડિરેક્ટર એ.આર. રહેમાન ઈચ્છતા હતા કે સોંગમાં માત્ર વરસાદનો અવાજ નહીં, પરંતુ ચોમાસાની ખુશી પણ સંભળાય. તેથી દરેક સોંગના સ્તરમાં પ્રકૃતિનો અહેસાસ ઉમેરવામાં આવ્યો. શ્રેયા ઘોષાલના મધુર અને તાજગીભર્યા અવાજે આ સોંગને એવી જીવંતતા આપી કે આજે પણ તેને સાંભળતાં ભીની માટીની સુગંધનો અહેસાસ થાય છે.



શૂટિંગ દરમિયાન એક રસપ્રદ ઘટના પણ બની હતી. સતત કૃત્રિમ વરસાદ વરસાવવાના કારણે સેટ પર કાદવ એટલો વધી ગયો કે કેમેરા ટ્રોલી આગળ વધી શકી નહીં. થોડા સમય માટે શૂટિંગ અટકાવવું પડ્યું. ત્યારબાદ આખી યુનિટે મળીને રસ્તો સાફ કર્યો અને ફરી શૂટિંગ શરૂ થયું. ત્યારથી સેટ પર મજાક ચાલતી હતી કે, ‘આ સોંગમાં મણિરત્નમ નહીં, વરસાદ જ સૌથી મોટો ડિરેક્ટર છે.’

‘બરસો રે મેઘા’ની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં ભવ્યતા હોવા છતાં દરેક દૃશ્ય સંપૂર્ણ સ્વાભાવિક લાગે છે. મણિરત્નમે ઐશ્વર્યાને માત્ર એક જ સૂચના આપી હતી - ‘વરસાદને મન ભરીને માણો, બાકીનું કામ કેમેરા કરી લેશે.’ કદાચ આ જ કારણ છે કે સોંગમાં દેખાતી ખુશી અભિનય નહીં, પરંતુ સાચી લાગણી જેવી અનુભૂતિ કરાવે છે.

**અનેક વખત ઐશ્વર્યાનું સંતુલન બગડતું, પગ લપસી જતો અને શૂટિંગ અટકાવવું પડતું**

લગભગ બે દાયકાઓ બાદ પણ ‘બરસો રે મેઘા’ માત્ર એક લોકપ્રિય સોંગ નથી, પરંતુ ભારતીય ફિલ્મસંસોંગના સુવર્ણ ઈતિહાસમાં અંકિત થયેલું અમર સર્જન છે. પડદા પર દેખાતો દરેક વરસાદી ટીપો, દરેક સ્મિત અને દરેક ફ્રેમ પાછળ કલાકારો, ટેક્નિશિયનો અને સમગ્ર યુનિટની ભીની મહેનત સમાયેલી છે. કદાચ એટલા માટે જ દર ચોમાસે પ્રથમ વરસાદ વરસે ત્યારે આ સોંગ ફરી એકવાર દિલના તાર ઝણઝણાવી જાય છે. ●